dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

April 2010 For private circulation only Vol. 02 - Issue 32

પિયર્સના જીવનચરિત્રના લેખક - બ્રિટની (ફ્રાંસ )ના રહીશ લ રૂએ દરેક પ્રજાના રાષ્ટ્ર ઘડતરના ચાર મુખ્ય સ્તંભ ગણાવ્યા છે : (૧) રાષ્ટ્રીય ભાષા - કવિતા, સાહિત્ય, શિક્ષણ; (૨) રાષ્ટ્રીય કલા - સ્થાપત્ય, સંગીત ને સમગ્ર સંસ્કૃતિ; (૩) દેશની જમીન અને સર્વે હુન્નર ઉદ્યોગની માલિકી અને (૪) પ્રજાના આનંદ તેમજ સંરક્ષણ સારુ રાષ્ટ્રીય વ્યાયામ, રમતગમત, કવાયત, સિપાહીગીરી વગેરે. આમાંનો પહેલો રાષ્ટ્રીય માનસ, બીજો રાષ્ટ્રીય લલિત કલા, ત્રીજો રાષ્ટ્રીય અર્થશાસ્ત્ર અને ચોથો રાષ્ટ્રીય શરીર સંપત્તિ સૂચવે છે જે પરાધીન પ્રજા આ ચારે અંગોને યથાર્થ રીતે ખીલવે છે, તેને મોડી કે વહેલી રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે જ અને જે 'સ્વતંત્ર' પ્રજાએ આ ચારમાંથી થોડાં પણ તત્ત્વો ગુમાવ્યાં હોય છે તે મોડી કે વહેલી પરતંત્રતાની જંજીરમાં જરૂર જકડાય છે.

- આત્મકથા : ઈન્દુલાલ યાજ્ઞિક. (કિસાન કથા : ભાગ પાંચમો, પરિશિષ્ટ-૧).
ઈન્દુલાલ યાજ્ઞિકના "શહીદનો સંદેશ" પુસ્તકના આરંભમાં લખેલ "આયરીશ ભાષાની લડત" વિષેના લેખમાંથી

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

પહેલી મે ૧૯૬૦ના દિને અલગ રાજય તરીકે અસ્તિત્વમાં આવેલું આપણું રાજય તેની સ્વર્ણિમ ગુજરાતની ઊજવણી માત્ર સરકારી કાર્યક્રમ ન બની રહેતાં સમગ્ર ગુજરાતની અસ્મિતાને ઢંઢોળવા, ઉજાગર કરવા પ્રત્યેક ગુજરાતની સહભાગીદારી દ્વારા થાય તેવું આયોજન થયું છે. સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ પ્રકલ્પો થકી ગુજરાતી ગૌરવ અન્યો માટે દાખલારૂપ બને તે દિશાના પ્રયત્નોમાં સક્રિય સામેલગીરી પ્રત્યેક ગુજરાતી માટે પવિત્ર ફરજ છે.

સ્વર્ણિમ પ્રભાતે ચાલો યશગાથા ગુજરાતની વિશે સિંહાવલોકન કરીએ. તળ ગુજરાત અને કચ્છ વચ્ચેનો પ્રદેશ એટલે વઢિયાર. (અત્યારના પાટણ જિલ્લાનો ભાગ). વઢિયાર પ્રદેશમાં પંચાસર ગામને ફરતા વિસ્તારમાં ચાવડા વંશના શાસકોના રાજા જયશિખરીનું રાજય. સાતમી સદીના અંતભાગમાં ચૌલુકયો (પાછળથી, સોલંકીઓ) દ્વારા જયશિખરીના રાજય પર આક્રમણ કરી ત્રણેક વર્ષ લડાઈ કરી વિજય મેળવ્યો. જયશિખરી યુદ્ધમાં મરાયો પરંતુ તેની સગર્ભા પત્નિ રાજમહેલમાંથી નાસી છૂટી અને જંગલમાં પુત્રને જન્મ આપ્યો તેનું નામ વનરાજ. કહેવાય છે કે જૈન મુનિ શીલગુણ સુરિએ વનરાજના હાથે-પગે રાજયોગના ચિહ્નો જોઈ એક દિવસ તે ચક્રવર્તી રાજા થશે તેવું ભવિષ્ય ભાખેલું. ગુજરાતના આ પ્રદેશમાં અણહિલ નામના ભરવાડનો સાથ લઈ વનરાજે પચીસેક વર્ષની વયે અણહિલપુર કે અણહિલ પાટણ નગર વસાવી રાજય સ્થાપ્યું. તે શહેર એટલે આજનું પાટણ. વનરાજે શરૂ કરેલ ચાવડા વંશનો ઈતિહાસ ૧૯૬ વર્ષનો છે. ચાવડા રાજા સામંતસિહ (ભૂભટ)ની એક બહેન સોલંકી કુટુંબમાં પરણાવેલી. તેના પુત્રનું નામ મૂળરાજ હતું. ભાણેજ મૂળરાજ દ્વારા મામા ભૂભટના ખૂન બાદ પાટણમાં સોલંકીઓના તેજસ્વી રાજની શરૂઆત લોહીભીના હાથે થઈ હતી. સોલંકી વંશના પ્રતાપી રાજાઓ મૂળરાજ, ભીમદેવ પહેલો, કર્ણદેવ, સિધ્ધરાજ, કુમારપાળ વિગેરેએ ગરવી ગુજરાતના ઈતિહાસને અમરત્ત્વ બક્ષ્યું છે. કર્ણદેવે સાબરમતીના કિનારે આવેલું આશાપલ્લી (અસાવન) આશા નામના ભીલ પાસેથી જીતી લીધું અને કર્ણાવતીની સ્થાપના કરી. અલબત્ત, રાજધાની તો પાટણ જ રહી હતી. સિધ્ધરાજ તથા કુમારપાલ બંને નિ:સંતાન હોઈ, સોલંકી યુગનો અંત થતાં ઈ.સ. ૧૨૦૦માં વાઘેલા વંશ શરૂ થયો. તેના છેલ્લા રાજા કરણઘેલાને અલાઉદ્દીન ખીલજીના ભાઈ ઉલુઘખાને હરાવી ખીલજીવંશની સ્થાપના કરી. ત્યારબાદ તઘલઘ વંશના શાસકોએ ગુજરાતમાં પોતાની હકુમત સ્થાપી. ચૌદમી સદીમાં સુલતાન મુઝફ્ફરશાહે પાટણથી રાજયશાસન ચલાવ્યું હતું. ઈસ. ૧૪૧૧માં સુલતાન અહમદશાહે કર્ણાવતી પાસેના અસાવનમાં અહમદાબાદ વસાવ્યું. ત્યાર બાદ પાટણને બદલે અમદાવાદથી શાસન ચલાવ્યું. સોળમી સદીમાં મોગલ બાદશાહ અકબરે ગુજરાતને મોગલોના સંપૂર્ણ શાસન હેઠળ આણ્યું. લગભગ ૧૮૫ વર્ષ જેટલાં લાબા સમય માટે અમદાવાદથી શાસન થયું ઈ.સ. ૧૬૭૦માં શિવાજીએ સુરત લુંટયું. ઈ.સ. ૧૭૫૮ પછી ગાયકવાડે સત્તા કબજે કરી વડોદરાને રાજધાની જાહેર કરી. પોણા બસો વર્ષ ગાયકવાડી અમલ ચાલ્યો. આ સમયમાં કચ્છ, કાઠિયાવાડનાં રાજયો સ્વતંત્ર રજવાડાં તરીકે વિકસ્યાં. ૧૯મી સદીના આરંભે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ મરાઠાઓને હરાવી ગુજરાતમાં પ્રવેશ મેળવ્યો. ગુજરાતને રેવાકાંઠા, મહીકાંઠા, બનાસકાંઠા, સાબરકાંઠા ઉપરાંત પશ્ચિમ ભારતમાં રજવાડાં એમ પાંચ વિભાગ પાડી શાસન યોજના બનાવી. આ પાંચ એજન્સીઓમાં વહેંચાયેલા પ્રદેશનો વહીવટ 'બોમ્બે પ્રેસિડન્સી'ના ગવર્નરના અંકુશ હેઠળ આવ્યો; અને કચ્છ, સૌરાષ્ટ્ર સહિતનું મુંબઈ રાજય બન્યું હતું. આ સંક્ષિપ્ત ઈતિહાસ સ્વાતંત્ર્યતા પૂર્વેનો છે.

૧૫ ઓગષ્ટ ૧૯૪૭માં અંગ્રેજોની હકુમતનો અંત આવ્યો અને રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું. દક્ષિણ ભારતમાં ભાષાવાર પ્રાંતરચનાના આંદોલન બાદ ૧૯૫૩માં તેલુગુભાષી પ્રજાનું આંધ્રપ્રદેશ પ્રથમ રાજય બન્યું. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ૧૯૨૦માં પ્રથમવાર ભાષાવાર પ્રાંત રચવાની ભલામણ કરી હતી. કોંગ્રેસે નીમેલી મોતીલાલ નહેરુ સમિતિએ ૧૯૨૮માં પ્રાદેશિક પુનર્રચના કરવાની ભલામણ કરી હતી. ૧૯૪૮માં સૌરાષ્ટ્રના અલગ એકમની રચના વખતે સરદાર વલ્લભભાઈ પટેલે ગુજરાતને મુંબઈમાંથી છૂટું પાડી અલગ રાજયની રચના

કરવાનો ઉલ્લેખ કર્યો હતો. ૧૯૫૩માં ફઝલઅલીના અધ્યક્ષપદે રાજ્ય પુનર્રચના પંચ નીમવામાં આવ્યું. આ પંચે બૃહદ મુંબઈની અગત્યને લક્ષમાં રાખી મરાઠાવાડ, સૌરાષ્ટ્ર, કચ્છ અને જૂના મુંબઈ રાજ્યના પ્રદેશોને સમાવી લઈ બૃહદ મુંબઈ રાજ્ય રચવાની ભલામણ કરી. સંસદે ૬ ઓગષ્ટ ૧૯૫૬ના રોજ મહારાષ્ટ્ર, મુંબઈ, કચ્છ-સૌરાષ્ટ્ર અને ગુજરાત સહિતના બૃહદ દ્વિભાષી મુંબઈ રાજ્યની રચનાની જાહેરાત કરી. ગુજરાતની પ્રજાએ તેનો સખત વિરોધ કર્યો. તેમાંથી 'મહાગુજરાત આંદોલન'નો ઉદ્‌ભવ થયો. ૭મી ઓગષ્ટ ૧૯૫૬ના રોજ અમદાવાદની લૉ કોલેજમાં વિદ્યાર્થીઓએ કોંગ્રેસ ભવન પર મોરચો લઈ ગયા તેના જવાબમાં પોલીસે ગોળીબાર કરતાં ચાર વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા. આ સંજોગોમાં મોરારજી દેસાઈએ ગુજરાતમાં આવીને દ્વિભાષી રાજ્યનો વિરોધ કરનારાઓને સખત હાથે કચડી નાખવાની જાહેરાત કરી. લોકોની સ્વયંભૂ ચળવળ અંગે ગુજરાતની પ્રજાની લાગણી હાઈકમાન્ડ સમક્ષ રજૂ કરવામાં કોંગ્રેસી નેતાઓ નિષ્ફળ ગયા. આંદોલન વિસ્તર્યું. મોરારજી દેસાઈએ ૧૯મી ઓગષ્ટથી ઉપવાસ શરૂ કર્યા. ૨૬મી ઓગષ્ટે જાહેર સભા બાદ મોરારજી દેસાઈ પારણાં કરવાના હતા; પરંતુ અમદાવાદના લોકોએ જનતા કર્ફ્યુ જાહેર કરી સભાનો સખત બહિષ્કાર કર્યો. બીજી ઓક્ટોબરે અમદાવાદમાં વડાપ્રધાન જવાહરલાલ નહેરુની જાહેર સભાની સામે તેજ સમયે મહાગુજરાત જનતા પરિષદ તરફથી ઈન્દુલાલ યાજ્ઞિકની સમાંતર સભા યોજવામાં આવી; જેમાં લોકો ઊમટી પડ્યા. જ્યારે નહેરુની સભામાં કોંગ્રેસના નેતાઓ સિવાય ભાગ્યે જ કોઈ ગયું. મહાગુજરાતના શિલ્પી ઈન્દુલાલ યાજ્ઞિકે લોકમાનસનો સાચો ખ્યાલ નહેરુજીને કરાવ્યો. નમ્રતાપૂર્વક નહેરુએ કોંગ્રેસની ભૂલનો સ્વીકાર કર્યો. દ્વિભાષી રાજ્ય થતાં ગુજરાત કોંગ્રેસે તો કોઈ વિરોધ ન કર્યો પરંતુ મહારાષ્ટ્રની અલગ રાજ્યની લડત વધુ જોરદાર હતી. ૧૯૫૯માં યશવંતરાવ ચવાણે કોંગ્રેસના મોવડીમંડળ સમક્ષ સ્પષ્ટ અભિપ્રાય જણાવ્યો કે ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે ભાવાત્મક એકતા સ્થપાઈ નથી તેથી અલગ રાજ્યો બનાવવા. આમ ૧લી મે ૧૯૬૦ના રોજ ગુજરાત અને મહારાષ્ટ્ર અલગ રાજ્યો તરીકે અસ્તિત્વમાં આવ્યાં. ગુજરાતના મૂક લોકસેવક, સંતપુરુષ પૂ. રવિશંકર મહારાજે સાબરમતી આશ્રમમાં હૃદયકુંજના પવિત્ર સ્થાને નવનિર્મિત ગુજરાત રાજ્યનું મંગલ ઉદ્‌ઘાટન કર્યું.

મહાગુજરાતના સાચા શિલ્પી ઈન્દુલાલ યાજ્ઞિક "ઈન્દુચાચા" જેઓએ ૧૯૫૬થી ૧૯૬૦ના પાંચ વર્ષો દરમિયાન ગુજરાતના અલગ રાજ્ય માટે ઝઝૂમ્યા તેમના વિશે થોડુંક. ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક નડિયાદના આઠોદરા નાગર. શ્રી ભગવતીકુમાર શર્મા તેમના વિશે લખે છે, "પ્રચંડ મેધાવી, અગાધ ઊર્જાના સ્વામી, ધૂમકેતુ જેવા તરવરિયા, કોઈપણ ક્ષેત્રમાં શિખરે પહોંચલાની ક્ષમતા, ગરીબો-પીડિતોના અદમ્ય હમદર્દ-જીવનભર તેઓ માટે ઝઝૂમ્યા, પ્રકૃતિ જરાય સમાધાનશીલ નહિ, પૂરેપૂરા નોન-કન્ફર્મિસ્ટ, અદભૂત વકતા, એટલા જ ઉત્તમ લેખક, છ ખંડમાં પથરાયેલી તેમની આત્મકથા ગુજરાતી ભાષાનું મોંઘું ઘરેણું છે. તેમાંથી ગુજરાત અને હિન્દના તે સમયના જાહેર જીવનનો બેમિસાલ નકશો ઉભરે છે... ઠેક ગાંધીજી અને સરદાર સુધી વિસ્તર્યા, પણ પછી મતભેદ પડતાં અલગ થયા. ...મારા પત્રકાર જીવનના પહેલા રાજકીય વીરનાયક (હીરો) ઈન્દુલાલ જ હતા. નખશીખ ફકીર માણસ. મોટાઈ, દંભ, અહમ્‌નો છાંટોયે નહિ. ખુરશીને બદલે ટેબલ ઉપર બેસી જાય. કોથળા જેવું પાટલૂન અને તેવો જ બુશ શર્ટ, માથે અવ્યવસ્થિત ટોપી, ઈસ્તરી-બિસ્તરીની જફા કોણ કરે ? ખિસ્સામાં શીંગ-ચણા, તેનો ફાકડો મારતા રહે. આ મેલો ઘેલો લઘરવઘર માણસ. સારી એવી ઊંચાઈ. સિંહની ડણક જેવો અવાજ. ઈન્દુલાલનું સમગ્ર વ્યકિતત્વ, તમની સફળ પ્રતિભા તેમની આંખોમાં અનુભવી શકાય. ધગધગતા અંગારા જ જોઈ લ્યો !"

સંપૂર્ણપણે ફકીરી વહોરી તેમણે ગુજરાતના આમ માણસ માટે જીવન ખપાવી દીધેલું. ૧૯-૨-૧૯૫૨ના રોજ જાહેર સભામાં ષષ્ટિપૂર્તિ-અભિનંદન પ્રસંગે તેમણે આપેલો જવાબ શ્રી ઉમાશંકર જોશીએ તેમના 'સંસ્કૃત' માસિકમાં પ્રગટ કરેલો. તેનો એક અંશ. "હું જે કાર્ય કરું છું તે રાજકીય દ્રષ્ટિથી નહિ પણ માનવતાની દ્રષ્ટિથી કરું છું. ગાંધીજી, ઠક્કરબાપા તથા મોતીભાઈ અમીને જ્યારથી મને ગામડાં દેખાડ્યાં ત્યારથી સળંગ રીતે મારા જીવનમાં ચાલતું આવતું એકમાત્ર તત્વ તે ગામડાંની પ્રજાની વફાદારી અને સેવાનું છે. મારો એ ધર્મ બજાવવામાં અંતરાયરૂપ લાગતાં મેં સંસ્થાઓ અને હોદ્દાઓનો ત્યાગ કર્યો છે કારણ કે હું મૂર્તિપૂજક નથી."

ઈન્દુલાલ યાજ્ઞિકે લખેલી લગભગ ત્રણેક હજાર પૃષ્ઠોમાં વિસ્તરેલી આત્મકથાના પ્રથમ પાંચ ભાગ તેમણે પોતે લખેલા છે. છેલ્લો ભાગ શ્રી ધનવંત ઓઝાએ સંપાદિત કર્યો છે. ત્યારબાદ સંક્ષિપ્ત આત્મકથા શ્રી ધનવંત ઓઝા દ્વારા સંપાદિત થઈ હતી. મૂળ તથા સંક્ષિપ્ત બન્ને આત્મકથાઓ આઉટ ઓફ પ્રિન્ટ હોઈ, શ્રી દિગંત ઓઝા દ્વારા સંક્ષિપ્ત આત્મકથાની પણ સંક્ષિપ્ત 'ગુજરાતની અસ્મિતાના સ્વપ્નદ્રષ્ટા - ઈન્દુલાલ યાજ્ઞિક' રૂપે આર.આર. શેઠની કંપની દ્વારા પ્રકાશિત થઈ છે. જેના પ્રથમ ખંડમાં ઈન્દુલાલની જીવન-ગાથા, બીજા ખંડમાં અનેક મહાનુભાવોની સ્મરણાંજલિ અને ત્રીજા ખંડમાં ઈન્દુલાલની કલમે લખાયેલાં અને વિવિધ વર્તમાનપત્રો-સામયિકોમાં પ્રસિધ્ધ થયેલા લેખોનો સંચય આપેલ છે. ઈન્દુચાચા દ્વારા લખાયેલ ૨૭ ગ્રંથો, તેર જેટલા વિવિધ પત્રકારત્વ, ત્રણ ગ્રંથોનું પ્રકાશન, તેમજ આઠ ચલચિત્રો બનાવનાર બહુમુખી પ્રતિભા ધરાવતા સિધ્ધહસ્ત લેખક, પ્રકાશક, પત્રકાર તથા ચલચિત્ર સર્જક હતા.

શ્રી ઉમાશંકર જોશી દ્વારા લખાયેલ નોંધથી શ્રી ઈન્દુચાચાને ભાવાંજલિ આપી સ્વર્ણિમ ગુજરાતની ઊજવણીમાં આ મહામાનવને યાદ કરીએ. "ઈન્દુલાલ યાજ્ઞિકની છાપ હું નાનો વિદ્યાર્થી હતો ત્યારથી મારા મન પર પડેલી. ૧૯૨૦ની લડત પછી એક રાષ્ટ્રીય ડાયરી નીકળેલી. તેમાં દેશના મોટા મોટા નેતાઓની છબિઓ હતી. પણ વચ્ચે એક પાનું કોરું હતું. નીચે નામ લખ્યું હતું - ઈન્દુલાલ યાજ્ઞિક. વળી સાથે ઉમેર્યું હતું કે આ ભાઈ પોતાની છબી છપાવવાની મનાઈ કરે છે. કહે છે કે મેં એવી કઈ ભારતમાતાની સેવા કરી છે કે મારી છબી છાપવાની હોય ? અજબ સરળતા અને નમ્રતાના પ્રતીક તરીકે એમનું નામ મારી ચેતનામાં અંકાઈ ગયું."

જય ! જય ! ગરવી ગુજરાત !

વન્દે ગુજરાત !

૩૦ એપ્રિલ, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## Ph. D.

A List of doctoral theses accepted by Veer Narmad South Gujarat University, Surat during December 2009 to March 2010.

**Acquatic Biology**

1. Chaudhari, Usha Hemant **Studies on drinking water quality of Bordi area Thane district, Maharashtra.** (Dr. Kapila Manoj), Reader, Department of Aquatic Biology, Veer Narmad South Gujarat University, Surat.`

2. Vadher. Kailaskumar hirabhai. **Present status of shrimp farming in Gujarat state : its problems and prospects.** (Dr. Kapila Manoj), Reader, Department of Aquatic Biology, Veer Narmad South Gujarat University, Surat.

**Bio-Sciences (Plant Science)**

3. Lathiya, Ghanshyam Dhanjibhai. **Skin fungal infection and effect of herbal drugs.** (Dr. M. N. Readdy), Department of Bio-Sciences, Veer Narmad South Gujarat University, Surat.

4. Thakor, Alpeshkumar Balvantrai. **A Contribution to the seed atlas of Gujarat.** (Dr. M. H. Parabia), Professor & Head, Department of Bio-Sciences, Veer Narmad South Gujarat University, Surat.

**Chemistry**

5. Chhowala, Tarulata, Narsinbhai. **Synthesis and studies of metal complex based entities as dyes analytical reagent and anti-bacterial agents.** (Dr. K. R. Desai), Emeritus Professor, Department of Chemistry Veer Narmad South Gujarat University, Surat.

6. Desai, Hemlata Devangbhai. **Studies on new 8-Hydroxy Quinoline Derivatives and their metal Complexation.** (Dr.I. J. Patel), Rt. Vice Principal, Sir P. T. Sarvajanik College of Science, Athwalines, Surat.

7. Naik, Chirag Kishorkumar. **Synthesis, and biological significance of oxygen containing novel heterocyclic compounds.** (Dr. Vikas A. Desai), B.K.M. Science College, Valsad.

8. Parmar, Shaileshkumar Jayantilal. **Studies on synthesis of some chiral and non chiral heterocyclic compounds and their antimicrobial activities.** (Dr. I. J. Patel), Rt. Vice Principal, Sir P. T. Sarvajanik College of Science, Athwalines, Surat.

9. Patel, Bhupeshkumar Gamanbhai. **Synthesis of Quinazoline and coumarin based heterocyclic compunds and study of their antimicrobia; activity.** (Dr. K. R. Desai), Emiritus Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

10. Patel, Keyur Ashokbhai. **Characterization of nanoaggregates and solution behavior of polymeric surefactants: effects of salts and alcohols.** (Dr. P. Bahadur) Prof. & Head, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

11. Patel, Mayank Jagdishbhai. **Design, synthesis and evaluation of some new heterocyclic scaffolds as Anti-HIV and anti microbial agents.** (Dr. K. K. Desai), Rt. Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

12 Patel, Priyankkumar Ishvarbhai. **The synthesis and study of the antibacterial activity of phthalazinone, pyrimidinone, benzothiazole, formazan, thiazolidinone and sulphonamide derivatives.** (Dr. A.C.Desai), Lecturers, Sir P. T. Sarvajanik College of Science, Surat.

13. Patel, Tejaskumar Rameshchandra. **Studies on surfactant solution behaviour using different techniques.** (Prof. P. Bahadur),Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

14. Sojitra, Prakash Nanjibhai. **Synthesis and characterization of some novel high performance polyesters and polyamides containing s-triazine rings in the main chain.** (Dr. K. C. Patel), Professor Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

15. Vansadia, Devendrasinh Bharatsinh. **Studies on synthesis, antibacterial activity and dyeing properties of some quinoline based compunds.** (Dr. A. G. Mehta), Rt. Principal, Sir P. T. Sarvajanik College of Science, Athwalines, Surat.

16. Yadav, Jayrajsinh Prafulsinh. **Green chemistry approach: microwave and conventional synthesis of some novel heterocyclic scaffolds & their antimicrobial evolution.** (Dr. K. R. Desai), Rtd. Professor, Ex.Head Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

**Community Medicine**

17. Deepak, Saxena. **Documentation of process and Impact of family life education on knowledge and attitudes of students and teachers from selected secondary schools of Surat city.** (Dr. Pradeep Kumar), Associate Professor, Department of Community Medicine, Government Medical College, Surat.

**Comparative Literature :**

18. Mistry, Hina Parbhubhai. **ભારતીય સાહિત્યમાં દ્રૌપદી** ("મહાભારત" (સંસ્કૃત), "દ્રૌપદીની કથા અને વ્યથા" (ગુજરાતી), "મહાભારતી" (હિન્દી) "યાજ્ઞસેની" (ઉડીયા), "યુગન્ધર" (મરાઠી), "દૂસરી બારી" (મલયાલમ), "પર્વ" (કન્નડ) ના વિશેષ સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ). (Dr. Ashwin Desai), Former Professor, Department of Comparative Literature, Veer Narmad South Gujarat University, Surat.

19. Thakor, Daxaben Ganpatsinh. **ભારતીય નવલકથામાં નારીચેતના: એક તુલનાત્મક અધ્યયન.** (Dr. Damyantiben Parmar), Head, Department of Comparative Literature, Veer Narmad South Gujarat University, Surat.

**Education**

20. Patel, Prakaskumar Natvarlal. **શ્રીમદ્ ભગવદ્ગીતા : એક શૈક્ષણિક ચિંતન.** (Dr. Dipika B. Shah) Professor, Department of Education, Veer Narmad South Gujarat University, Surat.

21. Singh, Anil Ranapratap. **દક્ષિણ ગુજરાતની માધ્યમિક શાળાઓના શિક્ષકોનાં મૂલ્યો અને વ્યવસાયિક સંતોષનો અભ્યાસ.** (Dr. G. S. Parmar), Professor, Department of Education.

Veer Narmad South Gujarat University, Surat.

**Gujarati**

22. Chaudhari Vikrambhai Gurjibhai **ચૌધરી, ઢોડિયા, ગામીત અને કુંકણા ભાષા : એક અભ્યાસ.** (Prin Dr. Jagdishbhai M. Gurjar), Smt. Kusumben Kadakia Arts & Commerce College, Ankleshwar.

23. Modi, Chetankumar Bhagvanji. **ગુજરાતીમાં અમેરિકા વિષયક પ્રવાસવર્ણનો.** (Dr. Aswin Desai), Professor, Department of Comparative Literature, Veer Narmad South Gujarat University, Surat.

24. Prajapati, Bhanuben Somabhai. **ગુજરાતી હાસ્ય સાહિત્યક્ષેત્રે બકુલ ત્રિપાઠીનું પ્રદાન.** (Dr. Bharat Parikh), Lecturer, Smt. J. P. Shroff Arts College, Valsad.

25. Vaghela, Nareshbhai Ratanjibhai **સાંપ્રત ગુજરાતી ટૂંકી વાર્તામાં દલિતચેતના (મોહન પરમાર, જોસેફ મેકવાન, હરીશ મંગલમ્, દલપત ચૌહાણની વાર્તાઓના સંદર્ભે.** (Dr. Jagdish M. Gurjar), Principal, Smt. Kusumben Kadakia Arts & Commerce College, Ankleshwar.

**Hindi**

26. Patel Amitbhai Narottambhai. **મૃણાલ પાંડે કે કથા સાહિત્ય કા શિલ્પ વિધાન.** (Prin Dr. Ashokbhai K Shah) Arts & Commerce College, Nizar.

27. Rajeshbhai Amratbhai Patel. सर्वेश्वर दयाल सक्सेना के कथा साहित्य में नारी-चित्रण. (Dr. Ashok K. Shah), Principal. Shri S. G. Patel Arts & Shri P. K. Desai Comm. College, Nizar.

**Law**

28. Joshi, Manisha Dilipbhai. **Legistlative and judicial approach to gender justice with reference to hindu and mohammeden law.** (Dr. Vikram Desai), Ex-Dean Law Faculty & Principal Siddharth Law College, Kamrej.

29. Bhavsar, Rashmiben Parimal. **Marketing of hotel services with reference to South Gujarat region - a study.** (Dr. Vinod B. Patel), Professor, Department of Business & Industrial Management, Veer Narmad South Gujarat University, Surat.

30. Dina Nath Singh. **Emotional intelligence building leadership competencies for high performing organizations. (HipOrgs.)** (Dr. Satendra Kumar), Ex. Professor, Department of Business & Industrial Management, Veer Narmad South Gujarat University, Surat.

31. Kulkarni, Aaishwarya. **Social Security for The Women workforce: a study of unorganised sector of surat.** (Dr. Renuka Garg), Professor and Head, Department of Business & Industrial Management, Veer Narmad South Gujarat University, Surat.

**Mathematics**

32. Shah, Dilipkumar Chandulal. **Characterization of heterogeneous reservoir with pressure data** (Dr. P. H. Bhathawala), Professor and Head, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat.

**Mechanical Engineering**

33. Desai, Sonal Jayantbhai. **Design development and testing of double inlet pulse tube cryocooler.** (Dr. H. B. Naik) Professor and Head, Mechanical Engineering Department, Sardar Vallabhbhai National Institute of Technology, Surat.

34. Mehta, Nirvesh Sumanbhai. **Thermal design of electromagnetically driven free displascer stirling refrigerator.** (Dr. P. R. Tailor), Professor, Mechanical Engineering Department, Sardar Vallabhbhai National Institute of Technology, Surat.

**Microbiology**

35. Parab, Shailesh Yeshwant. **Development of rapid HIV confirmatory test in comb format.** (Dr. H. C. Modi) Director, Institute of Medical Technology, Surat.

36. Parmar Preetiben Ramanlal. **Microbiologycal Study of Cyanide Containing Effluent.** (Dr. P. V. Desai), Professor, Department of Bio-Sciences, Veer Narmad South Gujarat University, Surat.

37. Patel, Rajeshkumar Gordhanbhai. **An attempt to deveop an improved immunodiagnostic assay system for tuberculosis.** (Dr. H. C. Modi), Director Institute of Medical Technology, Surat.

38. Desai Pruthul Ramesh. **Effect of coulomb reorientation on fusion cross-sections and barrier distributions of some heavy-ion reactions.** (Dr. S. S. Godre), Reader, Department of Physics, Veer Narmad South Gujarat University, Surat.

39. Pandya, Arun Natvarbhai. **ગુજરાતનાં ગરો બાહ્મણોમાં ઉભરતો દરજ્જો.** (Dr. Parvez Abbasi), Professor, Department of Sociology, Veer Narmad South Gujarat University, Surat.

40. Maisuria, Mahendrakumar Harkishandas. **A performance analysis of co-operative societies with reference to credit to agriculture sector for Ahmedabad district (rural) of Gujarat.** (Dr. Bharat D. Naik), Former Principal, M. R. D. Arts & E.E.L.Kosadia Commerce College, Chikhli.

41. Naik Rajeshkumar Kantilal. **Study on duality for multiobjective programming involving b-vex functions.** (Dr. R. D. Patel), Professor & Head, Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat.

## M.Phil

A List of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during December 2009 to March 2010.

**Chemistry**

1. Parmar, Arpankumar Vikramsinh. **Removal of crystal violet dye from water using calcium alginate beads modified with surfactants.** (Dr. P. Bahadur). Professor & Head, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

2. Patel, Sarvil Dhirajbhai. **Synthesis and antimicrobial studeies of new fluoroquinolone based 4-thiazolidinones.** (Dr. N. B. Patel), Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

3. Shaikh Faiyazalam Mahmad Saiyed. **Synthesis and antimicrobial studeies of nitrogen and sulfur containing heterocycles.** (Dr. N. B. Patel), Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

**Comparative Literature**

4. Surati, Chandrikaben Rameshbhai. **મોના પાત્રાવાલા કૃત 'રાની બિલાડો' (ગુજરાતી) અને મૈત્રીયી પુષ્પા કૃત 'લલમનિયા' (હિન્દી) એક તુલનાત્મક અધ્યયન** (Dr. Damyanti Parmar), Reader & Head, Department of Comparative Literature, Veer Narmad South Gujarat University, Surat.

5. Ahir, Dipakkumar Chhibubhai. **નવલકથાકાર ઝવેરચંદ મેઘાણીની બે નવલકથાઓ ('સોરઠ, તારાં વહેતાં પાણી' અને 'વેવિશાળ') : એક અભ્યાસ.** (Dr. D. G. Patel), V. S. Patel College of Arts & Science, Bilimora.

6. Desai, Hetalben Bharatbhai. **ગુલાબદાસ બ્રોકરની વાર્તાઓમાં નારી ચિત્રણ.** (Dr. Bharat S. Parikh), Lecturer, Smt. J.P.Shroff Arts College, Valsad.

7. Parmar, Heenaben Dhansukhbhai. **દલિત આત્મકથાઓ 'જૂઠાન' (ઓમપ્રકાશ વાલ્મીકિ) અને 'ઉપરા' (લક્ષ્મણ માને)નો વિષયવસ્તુલક્ષી તુલનાત્મક અભ્યાસ.** (Dr. Jashu Patel), Lecturer, Arts and Commerce College, Olpad.

8. Patel, Kalpanaben Mohanbhai. **મફત ઓઝાની વાર્તાઓમાં નારી.** (Dr. A. A. Shaikh), Lecturer, Government ARts & Commerce College, Vansda.

9. Patel Sheelaben Gulabbhai. **ધીરૂબહેન પટેલની 'શીમળાનાં ફૂલ' અને 'કાદંબરીની મા' નારીઃ એક અભ્યાસ.** (Dr.Gajanan B. Patel), Arts & Commerce College, Chikhli.

10. Raj, Yaminiben Mahendrasinh. **'હયવદન' (ગિરીશ કારનાડ) 'છીએ તે જ ઠીક' (ક. મા. મુનશી) 'અશ્વમેધ' (ચિનુ મોદી) નાટકોમાં પુરાકલ્પન તેમજ મોટીફનો વિનિયોગ : તુલનાત્મક અભ્યાસ.** (Dr. Suhas A. Dabhi), J. P. Arts & Science College, Bharuch.

**Hindi**

11. Ahir, Ishwarbhai Haribhai. मुझे चाँद चाहिए : एक अनुशीलन (कथ्य-चेतना, पात्र-परिकल्पना एवं संदर्भ-संपन्नता के विशेष परिप्रेक्ष्य में). (Dr. Madhuben M. Vasava), Shri M. R. Arts & Science College, Rajpipla.

12. Ahir, Lataben Somabhai. लक्ष्मीनारायण लाल के प्रेम कथात्मक लघु उपन्यास : एक अध्ययन ('मन वृंदावन', 'देवीना' और 'वसंत' की 'प्रतीक्षा' के संदर्भ में). (Dr. K. H. Tadvi), Principal. Govt. Arts & Commerce College, Khergam.

13. Desai, Manorbhai Chehorbhai. जनवादी कवि फूलचन्द गुप्ता. (Dr. Amrutbhai S. Prajapati), Government Arts & Commerce College, Vansda.

14. Patel, Priti Kishorchandra. नागार्जुन के उपन्यासों में दलित चेतना. (Dr. Maheshbhai M. Patel), Shri J. B. Dharukawala Mahila Arts College, Surat.

**History**

15. Chaudhari Kailashbahen Somabhai. **સૂરત જિલ્લાની હળપતિ જાતિનો અભ્યાસ એક ઐતિહાસિક અધ્યયન.** (Dr. Bharatsinh G. Desai), Arts, Science & Commerce College, Kholwad.

16. Degha, Raisahemad Basirbhai. **સ્વાતંત્ર્યસંગ્રામમાં દક્ષિણ ગુજરાતના મુસ્લિમોનો ફાળો : એક ઐતિહાસિક અધ્યયન (ઈ.સ. ૧૯૧૫ થી ૧૯૪૭).** (Dr. Bharatsinh G. Desai), Arts, Science & Commerce College, Kholwad.

**Mathematics**

17. Choksi Hetal Kiranbhai. **Properties of the fibonacci sequence and its modular representation.** (Dr. D. V. Shah), Sir P. T. Sarvajanik College of Science, Surat.

18. Mehta, Shitalben Harshadbhai. **A spline collocation approach to various problems related to the boundry layer flow.** (Dr. Dilip C. Joshi), Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat.

19. Patel, Sarojben Amrutlal. **From non-linear differential equations via genera lie group transformations.** (Dr. M. G. Timol), Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat.

20. Pathan, Atekabibi Ziyaahmedkhan. **On Burger's equation: a numerical approach.** (Dr. V. H. Pradhan), Shree J.P.Arts & Science, College, Bharuch.

21. Tailor Kruti Shaileshkumar, **Application of fractional calculus un differential equations.** (Dr. P. H. Bhathawala), Professor & Head, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat.

22. Varma, Meghnakumari Gunvantray. **Study on significant contribution to mathematics by indian mathematicians.** (Dr. P. H. Bhathawala), Professor & Head, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat.

**Public Administration**

23. Patel, Pragna Rameshchandra. **Job satisfaction among managerial cadres at kribhco.** (Dr. Satish Patel), Department of Public Administration, Veer Narmad South Gujarat University, Surat.

**Sanskrit**

24. Gorane, Yogesh Kumar Mohanbhai. श्रीमदाद्यशंकराचार्यकृता 'उपदेशसाहस्री' (गद्यप्रबन्ध): एक अध्ययन. (Dr. Nina C. Bhavnagari), M.T.B. Arts College, Surat.

14. Patel, Priti Kishorchandra. **શ્રી ભર્તૃહરિ વિરચિત** 'शृंगारशतकम्' **અને** શ્રીમદ્ અમરૂક કવિ વિરચિત 'अमरुशतकम्' **એક તુલનાત્મક** (Dr. Nathubhai L. Patel), H. R. Shah Mahila Arts & Commerce College, Navsari.

## University Library - New title

1. International Encyclopedia of Teaching and Learning's. (Vol.1-3) ed. Anand, Sandeep.
2 International Encyclopedia on Quality of Education in 21st century.(Vol.1-5) ed.: Singh, Sanjaykumar
3 Encyclopedia of Research Methodology in Social Sciences and Humanities.(Vol.1-2). ed. Choudhary, Premshankar.
4 Rammanohar Lohiya Rachanavali.(Hindi).(Vol.1-9) ed. Kapur,Mastram.
5 Dharnkosh. (Hindi). ed. Shastri, K.N.
6 Sansad Ka Itihas.(Hindi) (Vol.1-2). ed. Kashyap, Subhash and Gupta, Vishwaprakash.
7 Bharatiya Sahitya Kosha.(Vol.1-4).ed. Gautam Suresh and other
8 Oxford Handbook of International Business. ed. Rugman A.K.

9 Oxford Handbook of Social Capital. ed. Austiglione,D. and other
10 Oxford Handbook of Organizational Decision Making. ed. Hodgkinson,G.P.and other
11 Oxford Handbook of Personnel Psychology. ed. Cartwright,S. and other
12 Oxford Handbook of Contextual Political Analysis. ed. Goodim,R.F.and other
13 Oxford Handbook of Inter-Organizational Relations. ed.Cooper,Steve and other
14 Oxford Handbook of Sociology of Religion. ed.Clarke,P.B.
15 Oxford Handbook of Political and Social Choice. ed.Anand Paul and other
16 Oxford Handbook of the History of Mathematics. ed. Robson,Eleanor and other
17 Oxford Handbook of Business History. ed. Jones,Geoffrey.
18 Oxford Handbook of International Relations. ed.Smit,C.R. and other
19 India State at a Glance: 2008-09 (Vol.1-22) ed. Bhandari, Laveesh and other
20 Madhyakalin Gujarati Kathakosh. ed. Bhayani H.C.and other
21 Shri Ramkrishna Paramhans(Gujarati) (Vol.1-4) ed.A.K.Sengupta and other
22 Indian Marriage: Customs and Rituals. ed. Kogta R.N.and other
22 Sarada and Takari Alphabets:Origin and Development. ed.Deambi B.K.
23 Brahmsutras and their Principal Commentaries: A critical Exposition.(Vol.1-3) ed. Sharma, B.N.K.
24 Manas Piyush (Sanskrit) Vol.1-7). ed. A.N.Sharan
25 Encyclopedia of Bio Science, Technology and Engineering. ed.V.Pradhan
26 My Life is my Message.(Vol.1-4) by Narayan Desai
27 Encyclopedia of Biotechnology: Recent Trends and Perspectives.(Vol.1-8). ed. Singh, Jasbir and other
28 Encyclopedic Biography of World Great Management Thinkers. (Vol.1-3) ed. Kethraj,Giri
29 Encyclopedia of Biotechnology.(Vol.1-10). ed. Mehta,Varun
30 Encyclopedia of Mass Media and Communication in 21st century.(Vol.1-14) ed. Prabhakar and other
31 Encyclopedia of World Great Physicists. (Vol.1-7) ed. Mukherjee Bimal and other
32 Encyclopedia of Information Technology.(Vol.1-8). ed. Samual,T.M.and other
33 Encyclopedia of World Great Economists.(Vol.1-4). ed.Vohra P. and other
34 Encyclopedic Dictionary of Biology. (Vol.1-3). ed.Mehta,Varun
35 Encyclopedia of Great Men of India. (Vol.1-20) ed..Gajrani, S.and other
36 Encyclopedia of Educational Planning and Development.(Vol.1-5) ed. Raghuram,R.K.
37 Encyclopedia of Higher Education.(Vol.-5). ed..Sen, Rabindra
38 Encyclopedia of Physical Education. (Vol.1-5). ed.Pal,Randhir
39 Encyclopedia of Health and Physical Education. (Vol.1-5). ed..G.Mathews
40 Encyclopedia of Guidance and Counseling.(Vol.1-7). ed.R.Chaturvedi
41 Encyclopedia of Education.(Vol.1-7). ed.. Sharma,R.S.and other
42 Encyclopedia of Modern Methods of Teaching English.(Vol.1-7).ed.David A.
43 Encyclopedia of Economics.(Hindi).(Vol.1-10).ed.Mathur,B.L.
44 Encyclopedia of Biotechnology.(Vol.1-10).ed. Sharma Mahadev and other
45 Encyclopedia of Disaster Management.(Vol.1-10) ed. Talwar,Arun and other
46 Encyclopedia of Economics.(Vol.1-10).ed. Vohra,Prakash and other
47 Encyclopedia of Fishes.(Vol.1-9).ed.Selvamani,B.R. and other
48 Encyclopedia of Gandhian Thought.(Vol.1-10).ed. Pruthi,R.K.and other
49 Encyclopedia of Social Science. (Vol.1-8).ed.Tiwari.R.and other
50 Encyclopedic Dictionary of Management.(Vol.1-5).ed.Sen,K.K.
51 Encyclopedia of Educational Development.(Vol.1-5).ed.G.S.Sinha
52 Encyclopedia of Educational Research.(Vol.1-4).ed.Ravi Prakash
53 Encyclopedic Dictionary of Education.(Vol.1-3).ed.Tiwari, Deepak
54 Encyclopedic Dictionary of Physics.(Vol.1-3).ed. Katiyar,R.L.
55 Encyclopedia of Physical Education and Sports.(Vol.1-5).ed.Murthy J.K.
56 Encyclopedia of Cyber Crime. (Vol.1-5).ed.Augastine,P.T.
57 Encyclopedia of Public Administration.(Vol.1-5).ed.Chopra,J.K.
58 Encyclopedia of Computer Science.(Vol.1-5).ed.Jacob,John
59 Encyclopedia of Information Technology and e-world.(Vol.1-10).ed.Vasudeva
60 Encyclopedia of Management.(Hindi).(Vol.1-11).ed.Sharma,Vivek
61 Encyclopedia of Sociology.(Vol.-11).ed.Ralhan,S.S.and other
62 Encyclopedia of Nanotechnology.(Vol.1-10).ed.R.M.Balakrishnan and other
63 Encyclopedia of Bioinformatics. (Vol.1-6).ed.M.S.Krishnakumar
64 Encyclopedia of Shikh Heritage.(Vol.1-5).ed.Singh,R.N.
65 Encyclopedic Biography of Indian Freedom Fighters. (Vol.1-6).ed.Verma,B.R.and other
66 Encyclopedia of Tourism in the New Millennium.(Vol.1-7).ed.Bhatt,Harish and other
67 Encyclopedic Dictionary of Chemistry. (Vol.1-3).ed.Selvraj V.K.
68 Encyclopedia of Hospitality and Tourism Management.(Vol.1-5).ed.Bhatt,Harish
69 Encyclopedia of Rural Marketing. (Vol.1-3) ed. Vijaykumar.

# કોલેજ ન્યૂઝ

## NAAC

નેક, બેંગલોરના પત્રાંક ઈસી/૫૨/૯/૨૦૧૦ તા.૩૧-૦૩-૨૦૧૦ થી કોલેજ ઓફ એજયુકેશન, ખરોડને બી-ગ્રેડ (૨.૨૮) પ્રાપ્ત થયેલ છે. અભિનંદન.

## શોધ પત્ર

સ્વર્ણિમ ગુજરાત, એસ.જી.સી. સ્પોન્સર્ડ નેશનલ સંસ્કૃત સેમિનાર સાયન્સ એન્ડ ટેકનોલોજી ઈન સંસ્કૃતનો જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે ૨૪-૨૫ જાન્યુઆરી ૨૦૧૦ દરમ્યાન યોજાયેલ સેમિનારમાં સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ, સુરતના પ્રા. અજીત એન. નાયકએ 'ગોવંશનું રક્ષણ તથા સંવર્ધન' વિષય ઉપર શોધપત્ર રજૂ કર્યું.

## ઊજવણી

સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા હોમિયોપેથિકનાં પ્રણેતા ડૉ. સેમ્યુઅલ હેનમનની ૨૫૫મી જન્મજયંતીની ઉજવણી ૧૦ મી એપ્રિલ ૨૦૧૦ ના રોજ કરવામાં આવી હતી. પ્રિન્સિપાલશ્રીએ 'હોમિયોપેથી આપના દ્વારા અભિયાનની શરૂઆત કરાવી હતી. જે અભિયાનમાં વ્યારા તાલુકાના તમામ ઘરની મુલાકાત લઈ તે ઘરમાં હોમિયોપેથી વિશે માર્ગદર્શન, જાણકારી અને જાગૃતિનું કામ કરવામાં આવશે.

૧૦મી એપ્રિલના રોજ કોલેજ તથા હોસ્પિટલના ઉપક્રમે વ્યારામાં ૫,૦૦૦ જેટલા ઘરોની મુલાકાત લીધી હતી. સ્ત્રીરોગ, ચર્મરોગ, સંધિવા વિગેરે માટે વિનામૂલ્યે હોમિયોપેથિક નિદાન સારવાર શિબિરનું આયોજન કરવામાં આવતાં ૧૦૩ દર્દીઓએ આ લાભ લીધો હતો.

## અભિવાદન



શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં, અંગ્રેજી વિભાગનાં પ્રા. ડૉ. દક્ષાબેન ઠાકોરે પીએચ.ડી. ડિગ્રી મેળવતા આચાર્ય ડૉ. જે. એમ. નાયકના પ્રમુખ પદે અભિવાદન સમારોહનું આયોજન થયું હતું. આ પ્રસંગે પ્રમુખસ્થાનેથી ડૉ. નાયકે ડૉ. દક્ષાબેન ઠાકોરને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે કોલેજમાં અધ્યયનની સાથે સાંસ્કૃતિક કમિટિના અધ્યક્ષા તરીકે પણ સક્રિય કામગીરી નિભાવીને કૌટુંબિક જવાબદારી સાથે આ ઉચ્ચતમ ડિગ્રી પ્રાપ્ત કરી એ ગૌરવની બાબત છે. અન્ય અધ્યાપકોને પણ એમનામાંથી પ્રેરણા લઈને આગળ વધવા અનુરોધ કર્યો હતો.

# વાચન વિશેષ

## સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે

સ્વપ્ન, સ્વપ્ન, સ્વપ્ન !
સ્વપ્નોમાં છૂંદાયું છે સર્જન
સ્વપ્નોનું મૂર્ત સ્વરૂપ હોય છે વિચાર જેમાંથી જન્મે છે કર્મ
જે કરે છે નિર્માણ
વિચારોમાંથી નિર્માણ થાય છે કર્મ.

૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ ઝારખંડમાં રાંચીથી બોકારો હું જઈ રહયો હતો. ત્યારે મને લઈ જનાર હેલિકૉપ્ટર ઊતરવાની પળોમાં જ જોરથી ટકરાયું. તેનું એન્જિન નિષ્ફળ જતાં, એ જોરદાર ઝટકાથી ભોંય પર પટકાયું. એમાં બેઠેલા અમે બધા મુસાફરો આશ્ચર્યજનક રીતે બચી ગયા. એ ઘટનાથી વિચલિત થયા સિવાય પ્રભુનો પાડ માનીને હું મારા પૂર્વનિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે બોકારોમાં વિદ્યાર્થીઓને સંબોધન કરવા આગળ વધ્યો. આમ છતાં રાત્રે ડૉક્ટરોની એક ટુકડીએ મને દુર્ઘટનાના આઘાતને હળવો કરવા દવા લેવા સમજાવ્યું. દવાએ મને મારા રોજિંદા સમય એટલે કે એક વાગ્યા પહેલાં વહેલો ઊંઘાડી દીધો. સવારમાં દરરોજ મારા રોજિંદા સમયે ૬ વાગે ઊઠવામાં પણ હું નિષ્ફળ નીવડયો અને આઠ વાગ્યા પછી જ જાગ્યો.

તેમ છતાં ઊંઘમાં બેચેની રહી અને તેની વચ્ચે કેટલાય સમય સુધી હું વિચારતો રહયો કે ઈશ્વરના તમામ સર્જનોમાં સર્વોત્તમ માનવજાત શા માટે હિંસાથી આટલી બધી વિભાજિત છે ? મેં એવા પાંચ લોકો કે જેમનાં હું અગાધ વખાણ કરું છું તેમની એકબીજા સાથેની વાતચીતથી કલ્પના કરી કે જેઓ સૌ સ્વરૂપમાં માનવમનની સૌથી સુંદર વિશેષતાઓનું પ્રતીક ધરાવે છે. તેમની વાતચીત દ્વારા મેં પ્રશ્નોના ઉત્તર શોધવા પ્રયત્ન કર્યો. સ્વપ્નથી પણ ઘણું વધુ સઘન અને વૈવિધ્યપૂર્ણ આ અનુભવમાં, મારી પાસે વધુ સારો શબ્દ ન હોવાથી હું તેમ જ કહીશ કે મેં મારી જાતને એવા રણમાં જોઈ કે જયાં માઈલો સુધી આસપાસ રેતી જ રેતી પથરાયેલી હતી. પૂર્ણ ચંદ્ર ઊગ્યો હતો અને સમગ્ર રણપ્રદેશ તેના પ્રકાશમાં સ્નાન કરતો હતો. પાંચ માણસો મહાત્મા ગાંધી, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, સમ્રાટ અશોક, અબ્રાહમ લિંકન અને ખલીફા ઉમર એક વર્તુળમાં ઊભા હતા, તેમનાં કપડાં પવનથી અસ્વસ્થ થયેલાં હતાં.

સમ્રાટ અશોક સમક્ષ તરત જ વેંતિયા સમાન મારી જાતને ઊભેલો હું જોઈ રહયો હતો. અશોક બે જિંદગી જીવ્યા. એક ક્રૂર વિજેતાની અને બીજી સહૃદયી શાસકની. હું એ અશોકની બાજુમાં ઊભો હતો જે હમણાં જ વિજેતા બનીને પાછો ફર્યો હતો. પરંતુ એને જીતની ભારે કિંમત ચૂકવવી પડી હતી. કલિંગના યુદ્ધમાં ઓછામાં ઓછા ત્રણ લાખ માણસોની જિંદગી હોમાઈ હતી અને લગભગ એટલી જ સંખ્યામાં લોકો ઘવાયા હતા. મેં જોયું કે બધા લોકો અશોક સામે જોઈ રહયા હતા જે તેના ઘૂંટણ પર પડીને તેનું કવચ અને મુગટ ઉતારી ચૂકયો હતો. તેનો ચહેરો ઉદાસ હતો. જેના પર મોતનાં પ્રતિબિંબ સ્પષ્ટ દેખાઈ રહયા હતા. તેણે આકાશની સામું જોયું. તેણે ચમકતા શીતળ ચંદ્રમાને ધરતી પર ઈશ્વરકૃપાને વરસાવતો જોયો. પછી તેણે પોતે સર્જેલા ભયાનક દ્રશ્ય તરફ જોયું, જેમાં સર્વત્ર લોહી જ વહી રહયું હતું. એ સૌંદર્ય અને ભયાનકતાની પળમાં સફેદ ચાંદની અને જમીન પર વેરાયેલ દુઃખ અને દર્દની ક્ષણમાં જયારે પ્રકૃતિ તેની જાતે જે ઘડયું હતું તેનાથી વિરુદ્ધમાં બોલતી જણાતી હતી. અહિંસાધર્મનો ઉદ્ભવ થયો. સમ્રાટ અશોકે આ સિદ્ધાંત દ્વારા માનવો માટે પ્રેમનો પ્રસાર કરવાનો ઈશ્વરીય આદેશ અપનાવ્યો.

હું ત્યાં ઊભો હેરાન થયો હતો. કલિંગનું યુદ્ધ કેમ થયું ? મહાત્મા ગાંધી અબ્રાહમ લિંકન અને તેના જેવા બીજા ઘણાઓની પણ હત્યા શાથી થઈ ? શું સર્વશકિતમાન ઈશ્વર પણ તેમના સર્જનમાં ગોથું ખાઈ ગયા ? બીજા સર્જન માટે શું માનવજાતિનો વિનાશ આવશ્યક છે ?

એ દિવ્ય શાંતિમાં મહાત્મા બોલ્યા. મિત્રો, જે દિવ્ય સંદેશ આપણે સાંભળી રહયા છીએ તે સર્જનનો સંદેશ છે. જયાં સુધી આપણે સૌ પૃથ્વીના રહેવાસીઓ છીએ. એથી આપણે માનવતાનો સંદેશ આપી શકીએ કે કેવી રીતે અલગ અલગ જાતિ, ધર્મો અને ભાષાઓના લોકો શાંતિપૂર્વક અને સમૃદ્ધિપૂર્વક સાથે મળીને રહી શકે.

સર્વશકિતમાન ઈશ્વરે આપણને સૌને કોઈને કોઈ વિશેષતા આપી છે જે આપણે આપણાં કર્મો અને પ્રયાસો વડે માનવતાને સોંપીએ છીએ. શું તે કામ કરે છે ? કોઈ દિવ્ય સંદેશ કે સિદ્ધાંત છે ? દિવ્ય સૌંદર્ય માનવીય આત્મામાં પ્રવેશ કરવો જોઈએ, જેથી શરીર અને મનમાં પ્રસન્નતા ખીલે. શું સંભવ છે ?

અશોકે કહ્યું, 'મિત્રો, હું તો એક વાત સમજયો છું. કોઈને હેરાન કરીને જીત મેળવી શકાતી નથી. ખરી જીત તો શાંતિપૂર્ણ સામ્રાજય છે.' (ક્રમશઃ)

## હું ગુર્જર ભારતવાસી

જૂના સમયમાં ગુજરાતને 'વિવેકબૃહસ્પતિ' નું બિરુદ મળેલું છે. ગુજરાતનું અલગ પ્રાદેશિક રાજય અસ્તિત્વમાં આવે છે ત્યારે એને માથે એ બિરુદને શોભાવવાની જવાબદારી આવે છે.

બીજાઓએ ગુજરાતને માટે એક બીજો - બહુ પ્રશંસાભર્યો નહિ એવો - શબ્દપ્રયોગ પણ કર્યો છેઃ 'ગાંડી ગુજરાત.' પણ આપણે ત્યાં કહેવત છે 'ગાંડીના ડાહયા' એટલે કે મા ભલે ને જરીક ઘેલી, પણ એના દીકરા ડાહયા હોય છે. આપણી બીજી એક કહેવત છે તેમ, 'ડાહયો દીકરો દેશાવર ભોગવે.' હિંદબહાર હબસીનિયા, કેન્યા યુગાન્ડા ટાન્ઝાનિયા ઝાંઝીબાર, ર્‍હોડેશિયા, દક્ષિણ આફ્રિકા, મોરિશ્યસ રિ-યુનિયન માડાગાસ્કર, લંકા, સિંગાપુર મલાયા, જાવા, જાપાન અને છેક દૂરદૂરના ફિજિ ન્યુઝીલૅન્ડ સુધીના દેશાવર ગુજરાતીને મન ઘરઆંગણા સમાન છે.

ઉપરનાં બે વિશેષણો ઉપરથી અને બીજા અવલોકન દ્વારા ગુજરાત પ્રદેશમાં વસનારાઓની આગવી ખાસિયતોનો કોઈ સમાજસાસ્ત્ર અને માનસશાસ્ત્રના વિશેષજ્ઞોએ અભ્યાસ કરવો જોઈએ. સામાન્ય રીતે ગુજરાતી રખે હું પ્રાદેશિક થઈ બેસું એની ચિંતા સેવતો હોય છે. (મને હમણાં હમણાં બે ગીતપંકિતઓ સૂઝી તે નોંધું : 'હું ગુર્જર ભારતવાસી' અને 'એ તો કેવો ગુજરાતી, જે હો કેવળ ગુજરાતી !' આ લક્ષણ ગુજરાતીઓના ગુણરૂપ કેટલે અંશે છે અને સૈકાઓની જીવનસરણીને કારણે પ્રાદેશિક થવું પોતાને પોસાય નહિ એને કારણે કેટલે અંશે છે એ આપ તપાસ કરવા જેવી ખરી. છેલ્લાં ચાર વરસના બનાવોમાં પણ ગુજરાતનાં શાણપણ કે એકાક્ષતા, તેજસ્વિતા કે હ્રદયદૌર્બલ્ય કેટલે અંશે પ્રકાશ્યાં તે વિગતજ્વર બનીને અવલોકવાથી પણ ભાવી ઘડતર માટે ભાથું મળવા સંભવ છે.

ગુજરાતને સંખ્યાના સ્થૂલ બળ દ્વારા ભારતભાગ્યનિર્માણમાં પોતાનું અર્પણ કરવાનું નથી. 'કામ કર્યું તેણે કામણ કર્યું' - એ કહેણી પ્રમાણે કામ કરીને દેશના હ્રદયને વશ કરવાનું એના હાથમાં છે.

ભારતના શ્રેયને અવિરોધી રીતે બલકે ઉપકારક નીવડે એ રીતે ગુજરાત પ્રેમ ખીલવી શકાય એમ છે, ખીલવવો જોઈએ. ગુજરાતની ભાવનામૂર્તિ હવાઈ નહિ પણ નકકર સાક્ષાત્કરાય તે માટે ગુજરાતની સર્વતોમુખી ઓળખ આદરીએ. ગુજરાતનાં બંદર બારાં કાંઠા કંઠાર, આડાવળી (અરવલ્લી) થી સાતપૂડા સુધી ધનુષ્યાકારે પથરાયેલા આદિમ જાતિઓની ભીલવાડ, તીર્થો નગરો, રણો અરણ્યો, ડુંગર ઘાટી, ગઢ કોટ કિલ્લા પાળિયા, નદી નાળાં વોંકળા, વાવો તળાવો સરોવરો મંદિરો મસ્જિદો તોરણો, ઉત્સવો રમતો, હુન્નર કસબ કારીગરી ઉદ્યોગ, ગુજરી મેળા, - એ બધા વિશે રજેરજ માહિતી એકઠી કરવા મંડી પડવું જોઈએ. ગુજરાતના સંતો ઓલિયાઓ, શાહસોદાગરો, મુત્સદીઓ, શિક્ષકો - એમને વિશેની સામગ્રી પણ એમાં ઉમેરીએ, એમ કરતાં ગુજરાત સર્વસંચય રચાય, તેમ લોક-કળાકસબના નમૂનાઓનું એક સર્વગ્રાહી સંગ્રહાલય પણ સ્થપાય. એ બધા દ્વારા ગુજરાતનું વિભૂતિદર્શન કરતાં કરતાં હિંદની અને માનવજાતિની સેવા માટે સજ્જતા મેળવીએ.

(સાભાર : શ્રેષ્ઠ ઉમાશંકર, સંપા : નિરંજન ભગત અને અન્ય પૃ. ૨૭૫-૭૬)

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે

બી.જે. અંકુયા
તંત્રી, 'દક્ષિણાયન'
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

કોક દિન ઈદ અને કોક દિન રોજા, ઊછળે ને પડે નીચે જિંદગીનાં મોજાં.
કાંઈ અફસોસ નહીં, કાંઈ નહીં ફિકર, કોઈ ચીજ તણી નહીં જિંદગીમાં જિકર.
આવે ને જાય એના વેઠવા શા બોજા ? કોક દિન ઈદ અને કોક દિન રોજા.

મકરન્દ દવે

राजद्विष्टं न च वक्तव्यम् ।
જેમાં રાજા-શાસકીય તંત્ર તરફ દ્વેષ સ્પષ્ટ થતો હોય તેવું બોલવું નહિ.

ચાણકય

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

Editor : B J Ankuya, Incharge University Librarian
Published by : Shri J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com